દાખલ તારીખ :-૨૨/૧૧/૨૦૨૨
ફેંસલ તારીખ :-૦૬/૦૨/૨૦૨૪
સમયગાળો :- <u>વર્ષ મહિના દિવસ</u>
૦૧ ૦૨ ૧૪

## અમદાવાદના અધિક મુખ્ય મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રીની અદાલત સમક્ષ, કોર્ટ નં.૧૯, અમદાવાદ.

---

### ક્રિમીનલ કેસ નંબર:-૧૧૪૮૨૯/૨૦૨૨
### (ચુકાદાની તારીખ:-૦૬/૦૨/૨૦૨૪)

| | |
|---|---|
| | એફ.આઈ.આર.ની વિગતો /ગુનો અને પોલીસ સ્ટેશન |
| પોલીસ સ્ટેશન :- | વટવા પોલીસ સ્ટેશન, પાર્ટ-એ ગુના રજીસ્ટર નં.૦૮૪૭/૨૦૨૨ |
| ગુનો :- | ભારતીય દંડ સંહિતા,૧૮૬૦ની કલમ-૩૨૪, ૩૨૩, ૨૯૪(ખ) તથા ધી ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૧૩૫(૧) મુજબ |

**FORM-A**

| | |
|---|---|
| તહોમતનામા મુજબ તહોમત :- | ભારતીય દંડ સંહિતા,૧૮૬૦ની કલમ-૩૨૪, ૩૨૩, ૨૯૪(ખ) તથા ધી ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૧૩૫(૧) મુજબ |
| ફરિયાદી :- | શ્રી સરકાર (સ્ટેટ ઓફ ગુજરાત)<br>(મુળ ફરિયાદી-રૂદલ રામશકલ માળી) |
| વિ.એ.પી.પી.શ્રી :- | શ્રી કે. કે. યોગી |
| આરોપી :- | ગોવિંદભાઈ કેશવલાલ રાવળ,<br>રહે. બ્લોક નં.૪૮/૧૫૧૭, સદભાવના નગર ચાર માળીયા, વટવા, અમદાવાદ. |
| આરોપી તરફે વિ.વકીલશ્રી :- | શ્રી કે.બી.પ્રસાદ |

**FORM-B**

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ :- | તા.૨૬/૧૦/૨૦૨૨ |
| ફરિયાદની તારીખ :- | તા.૨૯/૧૦/૨૦૨૨ |
| ચાર્જશીટની તારીખ :- | તા.૨૨/૧૧/૨૦૨૨ |
| તહોમત ફરમાવ્યાની તારીખ :- | તા.૦૯/૦૧/૨૦૨૩ |
| પુરાવો શરૂ કર્યાની તારીખ :- | તા.૦૩/૦૩/૨૦૨૩ |
| કેસ જજમેન્ટ ઉપર આવ્યાની તારીખ :- | તા.૩૧/૦૧/૨૦૨૪ |
| સજાના હુકમની તારીખ જો હોય તો, | નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવેલ છે. |

## આરોપીની વિગતો :–

| આરોપી નંબર | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુકત કરવામાં આવેલ હોય તો તેની વિગત | કયા ગુનાનો આક્ષેપ છે ? | નિર્દોષ છોડવામાં આવ્યા કે કસુરવાર ? | શું સજા કરી? | ક્રિ.પ્રો.કોડની કલમ–૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમ્યાન કેટલો સમય કાચા કામના કેદી તરીકે રહેલા છે |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | ગોવિંદભાઈ કેશવલાલ રાવળ | ૧/૧૧/૨૦૨૨ | જામીન મુકત | ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ની કલમ–૩૨૪, ૩૨૩, ૨૯૪(ખ) તથા ધી ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ–૧૩૫(૧) મુજબ | નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવેલ છે. | .... | ..... |

**FORM-C**

**ફરિયાદપક્ષ, બચાવપક્ષ અને કોર્ટના સાહેદોનું લીસ્ટ**

### (એ) ફરિયાદપક્ષનો મૌખિક પુરાવો

**–: મૌખિક પુરાવો :–**

| સા.નં. | સાહેદનું નામ | વિગત | આંક |
|---|---|---|---|
| ૧. | રૂદલ રામશકલ માળી | ફરિયાદી | ૦૫ |

### (બી) બચાવપક્ષે સાહેદો જો હોય તો,

| સા.નં. | સાહેદનું નામ | કયા પ્રકારનો સાહેદ/પુરાવો |
|---|---|---|
| – | – | – |

### (સી) કોર્ટ સાહેદ જો હોય તો,

| સા.નં. | સાહેદનું નામ | કયા પ્રકારનો સાહેદ/પુરાવો |
|---|---|---|
| – | – | – |

### ફરિયાદપક્ષ તરફે આંકે પાડેલા દસ્તાવેજી પુરાવા:–

| અ.નં. | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફરિયાદ | ૦૬ |
| ૨. | બનાવવાળી જગ્યાનું પંચનામુ | ૦૭ |

| | | |
|---|---|---|
| ૩. | મુદ્દામાલ હથિયાર કબજે કર્યાનું પંચનામુ | ૦૮ |
| ૪. | ફરિયાદીનું સારવાર સર્ટીફીકેટ | ૦૯ |
| ૫. | જાહેરનામું | ૧૦ |

## બચાવપક્ષ તરફે આંકે પાડેલા દસ્તાવેજો

| અ.નં. | દસ્તાવેજનું નામ | દસ્તાવેજનું વર્ણન |
|---|---|---|
| – | – | – |

## કોર્ટ તરફે આંકે પાડેલા દસ્તાવેજો

| અ.નં. | દસ્તાવેજનું નામ | દસ્તાવેજનું વર્ણન |
|---|---|---|
| – | – | – |

## <u>મુદ્દામાલની વિગત</u>

**<u>મુદ્દામાલ પાવતી નં. 0847/MP/1, તા.૦૧/૧૧/૨૦૨૨</u>**

| અ.નં. | આર્ટીકલ નંબર | મુદ્દામાલની વિગત |
|---|---|---|
| ૧ | ૧ | લાકડી–૧ |

## –: <u>ચુકાદો</u> :–

(૧.૦૦) ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવા પ્રકારની છે કે આરોપીએ તા.૨૬/૧૦/૨૦૨૨ ના રોજ સાંજના છ વાગ્યાની આસપાસ વટવા સદભાવનાનગર ચાર માળીયા બ્લોક નં.૪૦ ની આગળ જાહેરમાં ફરિયાદીને કહેલ કે 'તું કેમ મારા નાના ભાઈ અશ્વિનને તારી સાથે હાટકેશ્વર લઈ ગયેલ હતો' તેમ કહી ફરિયાદીને ગંદી ગાળો બોલી, શરીરે ગડદાપાટુનો માર મારી, આરોપીએ બાજુમાં પડેલ એક લાકડી લઈ ફરિયાદીને માથાના ભાગે મારી ઈજા કરી, પોલીસ કમિશ્નરશ્રીના હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરેલ હતો. આથી, ફરિયાદીએ આરોપી વિરૂધ્ધ ધોરણસરની ફરિયાદ આપેલ હતી અને તેનાં અનુસંધાને વટવા પોલીસ સ્ટેશનમાં પાર્ટ–એ ગુના રજીસ્ટર નં.૦૮૪૭/૨૦૨૨ થી ભારતીય દંડ સંહિતા,૧૮૬૦ની કલમ–૩૨૪, ૩૨૩, ૨૯૪(ખ) તથા ધી ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ–૧૩૫(૧) મુજબનો ગુન્હો નોંધવામાં આવેલ હતો.

(૨.૦૦) આ કામે તપાસ કરનાર અમલદારે ગુન્હાની તપાસ હાથ ધરેલી અને ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ (''સંહિતા'') ની કલમ–૧૬૧ અન્વયે સંબંધીત સાહેદોના નિવેદનો નોંધી, મુદ્દામાલ હથિયાર કબજે કર્યાનું પંચનામુ, બનાવવાળી જગ્યાનું પંચનામુ કરી, ફરિયાદીનું સારવાર સર્ટીફીકેટ અને જાહેરનામું મેળવી અને તપાસનાં અંતે આરોપીની સંડોવણી ખુલતા તથા હાલનાં આરોપી વિરૂઘ્ધ ગુન્હો બનતો હોય, સંહિતાની કલમ–૧૭૩(૨) મુજબનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજુ કરેલ હતું.

(૩.૦૦) આ કામમાં તપાસ કરનાર અમલદારે અદાલતમાં ચાર્જશીટ રજૂ કરતા, સંહિતા ની કલમ–૧૯૦(૧)(બી) પ્રમાણે ગુન્હાનું કોગ્નીઝન્સ લઈ આરોપીની સામે સંહિતાની કલમ –૨૦૪ અન્વયે સમન્સ કાઢવામાં આવેલ હતો. આરોપીને સમન્સ બજી જતાં, તેઓ અદાલત સમક્ષ હાજર રહેલ અને સંહિતાની કલમ–૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની નકલો વિના મૂલ્યે આપવામાં આવેલ હતી. ત્યારબાદ આ અદાલત ઘ્વારા આંક–૦૩ થી આરોપી વિરૂઘ્ધ તહોમતનામુ ફરમાવી આરોપીની આંક–૦૪ થી પ્લી નોંધવામાં આવેલ અને આરોપી ગુન્હો કબુલ હોવાનો ઈન્કાર કરતાં, તેઓની સામે ઈન્સાફી કાર્યવાહી ખુલ્લી અદાલતમાં આગળ ચલાવવામાં આવેલ હતી.

(૪.૦૦) ફરિયાદ પક્ષ તરફે ઉપરોકત ફોર્મ–સીમાં વર્ણવ્યા મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા સિવાય અન્ય કોઈ પુરાવો રજુ કરવામાં આવેલ નથી અને વિ.એપીપીશ્રીની મૌખીક વિનંતીથી તથા મુળ ફરિયાદીની આંક–૧૧ ની પુરાવો પુરો થયાની પુરશીષથી ફરિયાદ પક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે.

(૫.૦૦) ત્યારપછી આરોપીની વિરુઘ્ધની પુરાવાની કોઈ હકીકતો રેકર્ડ ઉપર આવેલ ન હોય, સંહિતાની કલમ–૩૧૩ મુજબ આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

(૬.૦૦) ત્યારબાદ બંને પક્ષકારોની દલીલો સાંભળવામાં આવી.

(૭.૦૦) આ કેસની હકીકત ઘ્યાને લેતાં આ કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે :

(૧) શું ફરિયાદ પક્ષ વ્યાજબી શંકાથી પર એ હકીકત પુરવાર કરી શકે છે કે આ કામના આરોપીએ તા.૨૬/૧૦/૨૦૨૨ ના રોજ સાંજના છ વાગ્યાની આસપાસ વટવા સદભાવનાનગર ચાર માળીયા બ્લોક નં.૪૦ ની આગળ જાહેરમાં ફરિયાદીને કહેલ કે 'તું કેમ મારા નાના ભાઈ અશ્વિનને તારી સાથે હાટકેશ્વર લઈ ગયેલ હતો' તેમ કહી ફરિયાદીને ગંદી ગાળો બોલી, શરીરે ગડદાપાટુનો માર મારી, આરોપીએ બાજુમાં પડેલ એક લાકડી લઈ ફરિયાદીને માથાના ભાગે મારી ઈજા કરી, પોલીસ કમિશ્નરશ્રીના

હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરી, ભારતીય દંડ સંહિતા,૧૮૬૦ની કલમ–૩૨૪, ૩૨૩, ૨૯૪(ખ) તથા ધી ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ–૧૩૫(૧) મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

(૨) શું હુકમ?

(૭.૦૧) ઉપરોકત મુદ્દાઓ અંગેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

(૮.૦૦) ઉપરોકત નિર્ણય માટેના મારા કારણો નીચે મુજબ છે :

:: કા ર ણો ::

(૮.૦૧) **<u>મુદ્દા નં.૧ અને ૨:</u>**

આ કામમાં આરોપીની સામે ભારતીય દંડ સંહિતા,૧૮૬૦ની કલમ–૩૨૪, ૩૨૩, ૨૯૪(ખ) તથા ધી ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ–૧૩૫(૧) મુજબનાં ગુનાનું તહોમત છે. ફરિયાદ પક્ષે આરોપીની સામેનાં તહોમતને પુરવાર કરવા માટે રજુ કરેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાનું પૃથ્થકરણ કરતા પહેલા અત્રે એ નોંધવુ જરૂરી છે કે ફોજદારી ન્યાયશાસ્ત્રના ત્રણ સિધ્ધાંતો મુખ્યત્વે પ્રસ્થાપિત થયેલ છે, જેમાં (૧) ફરીયાદ પક્ષે પોતાનો કેસ વ્યાજબી શંકાથી પર સાબિત કરવાનો હોય છે ; (૨) આરોપી નિર્દોષ હોવાનું માનવાનું છે ; અને,(૩) ફરિયાદ પક્ષના પુરાવાનો બોજો કયારેય તબદીલ થતો નથી. આ રીતે, ફોજદારી ન્યાયશાસ્ત્રના મૂળભૂત સિધ્ધાંતો લક્ષમાં રાખી આ કેસમાં ફરિયાદ પક્ષે જે કોઈ મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે તેનું મુલ્યાંકન કરવાનું રહે છે.

(૮.૦૨) આ કામે ફરિયાદ પક્ષ તરફથી મુળ ફરિયાદી–રૂદલ રામશકલ માળીનો આંક–૦૫ થી સોગંદ ઉપર પુરાવો નોંધવામાં આવેલ છે અને તે જોવામાં આવે તો તેઓએ ફરિયાદ પક્ષના કેસને સમર્થનકારક પુરાવો આપેલ નથી અને વિમુખ થયેલા છે અને મુખ્યત્વે એવું જણાવેલ છે કે તા.૨૬/૧૦/૨૦૨૨ ના રોજ સાંજના સુમારે ચાર માળીયામાં આરોપી સાથે સામાન્ય બોલાચાલી તકરાર કરેલ અને તે સિવાય બીજું કંઈ બનેલ નહી અને બનાવ વખતે તેઓને ધકકામુકીમાં પડી જવાથી વાગેલ હતું. ફરિયાદીએ વધુમાં જણાવેલ છે કે તેઓને આરોપીએ બનાવ વખતે કોઈ માર મારેલ હોય કે ગાળો બોલેલ હોય તેવું બનેલ નથી. આમ, આ ફરિયાદ પક્ષનાં સૌથી મહત્વનાં કહી શકાય તેવા મુળ ફરિયાદીના પુરાવાને વંચાણે લેતા એ જણાય છે કે તેઓએ આંક–૦૬ વાળી ફરિયાદ કરેલ હતી પરંતુ તે ફરિયાદની હકીકતો તેઓએ તેઓના મૌખિક પુરાવામાં જણાવેલ નથી અને તે કારણસર તે સાબિત થતું નથી કે આરોપીએ ફરિયાદીને ગંદી ગાળો બોલી, શરીરે ગડદાપાટુનો માર મારી,

આરોપીએ બાજુમાં પડેલ એક લાકડી લઈ ફરિયાદીને માથાના ભાગે મારી ઈજા પહોંચાડેલ હતી. આમ, ફરિયાદીનો પુરાવો ફરિયાદપક્ષના કેસને કોઈ પણ રીતે મદદરૂપ થઈ શકે તેમ નથી.

(૮.૦૩) આ કામે બચાવ પક્ષની સંમતિથી બનાવવાળી જગ્યાનું પંચનામુ(આંક–૦૭), મુદ્દામાલ હથિયાર કબજે કર્યાનું પંચનામુ (આંક–૦૮), ફરિયાદીનું સારવાર સર્ટીફીકેટ(આંક–૦૯) અને જાહેરનામું(આંક–૧૦) રજુ થયેલ છે. આ દસ્તાવેજી પુરાવાની હકીકત લક્ષમાં લેવામાં આવે તો પણ આ કામે ફરીયાદ પક્ષે તપાસેલા ઉપર્યુકત સાહેદ ફરીયાદ પક્ષના કેસની હકીકતને સમર્થન આપેલ ન હોય સદરહુ પુરાવો ફરીયાદ પક્ષને મદદરુપ થતો હોવાનું ગણી શકાય નહી.

(૮.૦૪) ઉપરોકત ચર્ચા કર્યા અનુસાર ફરીયાદ પક્ષ ધ્વારા રજુ કરવામાં આવેલ પુરાવાને ધ્યાને લેતા, આ કામના મુળ ફરિયાદી–રૂદલ રામશકલ માળી(આંક–૦૫)નો પુરાવો જોતા તેઓએ ફરિયાદ પક્ષના કેસની હકીકતને સમર્થન આપેલ નથી અને તેઓ વિમુખ થયેલા સાહેદ છે. આમ, આ કેસમાં ફરિયાદ પક્ષ ધ્વારા રજૂ કરવામાં આવેલ મૌખિક પુરાવાથી એ સાબીત થતું નથી કે આરોપીએ ફરિયાદીને ગંદી ગાળો બોલી, શરીરે ગડદાપાટુનો માર મારી, આરોપીએ બાજુમાં પડેલ એક લાકડી લઈ ફરિયાદીને માથાના ભાગે મારી ઈજા પહોંચાડેલ હતી. વધુમાં આ કામે હથિયારબંધીનું કહેવાતું કોઈ જાહેરનામુ અમલમાં હોવાનું કે આવું જાહેરનામુ અમલમાં હોય અને તેની યોગ્ય પ્રસિધ્ધી થયેલ હોય અને તે અમલમાં હોવાનું જાણતા હોવા છતાં આરોપીએ કહેવાતું કોઈ પ્રતિબંધીત હથિયાર ધારણ કરેલ હોય તેવો પણ કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી.આ સંજોગોમાં ફરિયાદપક્ષે તપાસેલ સાહેદના સબળ અને સચોટ તેમજ વિશ્વસનીય પુરાવાને અભાવે આરોપીને આક્ષેપીત ગુના સાથે સાંકળી તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી.

(૮.૦૫) આમ, ફરિયાદ પક્ષ તરફે રજૂ કરવામાં આવેલ સમગ્ર પુરાવો વંચાણે લેતા, એ હકીકત ચોકકસ પુરાવામાં રેકર્ડ પર આવેલ છે કે આ કામે ફરિયાદ પક્ષે તપાસેલ સાહેદ સમર્થનકારક પુરાવો આપેલ નથી. આ તબકકે નામદાર સર્વોચ્ચ અદાલતનો ચુકાદો કે જે સતીષ વિ. દિલ્હી એડમીનીસ્ટ્રેશન – ૧૯૯૬ (૩) ક્રાઈમ્સ ૮૫ ના કેસમાં આપવામાં આવેલ છે તેમાં કરેલ અવલોકનો ધ્યાને લેવા જરૂરી છે. નામદાર સર્વોચ્ચ અદાલતે એવું નોંધેલ છે કે જયારે મહત્વના સાહેદોએ ફરિયાદ પક્ષના કેસને સમર્થન આપેલ ન હોય ત્યારે બાકીના સાહેદોને તપાસવાની પ્રક્રિયા પુરી કરવી આવશ્યક નથી. આમ, સદરહું ચુકાદાનો સિધ્ધાંત હાલના કેસને સંપૂર્ણપણે લાગુ પડે છે. વધુમાં ફોજદારી કાયદાનો પ્રસ્થાપિત સિધ્ધાંત છે કે ફરિયાદપક્ષે આરોપી વિરૂધ્ધ પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવો જોઈએ અને કેસમાં રજૂ થયેલ દરેક પુરાવા અને સંજોગોની કડી એક બીજા સાથે મળી

પુરાવાની સંપૂર્ણ સાંકળ પુરવાર થવી જોઈએ. નામદાર ગુજરાતની વડી અદાલતનો ચુકાદો કે જે ૨૦૦૭(૨) જી.એલ.એચ.૨૧૬ માં પ્રદર્શિત થયેલ છે તેમાં ઠરાવ્યા મુજબ ફરિયાદ પક્ષે તેમનો કેસ તમામ વ્યાજબી શંકાઓથી પર સાબિત કરવાનો રહે છે. આ કેસમાં ફરિયાદ પક્ષના રજૂ પુરાવાથી આ કામના આરોપી વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતા,૧૮૬૦ની કલમ–૩૨૪, ૩૨૩, ૨૯૪(ખ) તથા ધી ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ–૧૩૫(૧) મુજબના ગુન્હાના આવશ્યક તત્વો નિ:શંકપણે પુરવાર કરેલ હોવાનું માની શકાય તેમ નથી. આથી, મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપી, મુદ્દા નં.૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

(ક) આ કામનાં આરોપી – ગોવિંદભાઈ કેશવલાલ રાવળ, રહે. બ્લોક નં.૪૮/૧૫૧૭, સદભાવના નગર ચાર માળીયા, વટવા, અમદાવાદનાઓને ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ ની કલમ–૨૪૮(૧) અન્વયે ભારતીય દંડ સંહિતા,૧૮૬૦ની કલમ–૩૨૪, ૩૨૩, ૨૯૪(ખ) તથા ધી ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ–૧૩૫(૧) મુજબ નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(ખ) આ કામે કબજે થયેલ મુદ્દામાલ અપીલ સમય બાદ નિયમાનુસાર નિકાલ કરવો.

(ગ) આરોપીનાં અગાઉનાં જાતમુચરકા તથા જામીનખત રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(ઘ) ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ની કલમ–૪૩૭(એ) અન્વયે આરોપીએ રૂ.૫,૦૦૦/– ના જાત મુચરકા તેમજ તેટલી જ રકમના સધ્ધર જામીન આપવાનો હુકમ કરવામાં આવે છે.

(ઘ) ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ ની કલમ–૩૫૩(૬) અન્વયે આરોપી ગેરહાજર હોય કેસનો ન્યાયિક નિર્ણય થવામાં વિલંબ ટાળવા માટે તેઓની ગેરહાજરી દરગુજર કરી આ હુકમ જાહેર કરવામાં આવે છે.

આ હુકમ આજ તારીખ–૦૬ઠ્ઠી માહે–ફેબ્રુઆરી સને–૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

અમદાવાદ.
તા.૦૬/૦૨/૨૦૨૪

(કમલેશ નાથાભાઈ પ્રજાપતિ)
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૧૯,અમદાવાદ.
(કોડ નં.જીજે ૦૦૮૮૬)

**<u>કોર્ટના કર્મચારીશ્રીઓએ કરવાના કાર્યો અંગે હુકમ.</u>**

(૧) અત્રેની અદાલતમાં અપલોડની કામગીરી સંભાળતાં કર્મચારીશ્રીએ સદર હુકમ અદાલતમાં જાહેર થયા મુજબ યોગ્ય રીતે ચેક વેરીફાઈ કર્યા બાદ અપલોડની કાર્યવાહી તાત્કાલીક કરવી.

(૨) બોર્ડ કલાર્કશ્રીએ સદર કેસ/અરજી ચેક વેરીફાઈ કરવી.

(૩) રજીસ્ટ્રીએ નિયમોનુસાર હુકમ મુજબ આગળની કાર્યવાહી કરી સદર કેસ રેકર્ડ રૂમમાં મોકલવી આપવો.

તારીખ:–૦૬/૦૨/૨૦૨૪
સ્થળ :–અમદાવાદ.

(કમલેશ નાથાભાઈ પ્રજાપતિ)
એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
કોર્ટ નં.૧૯, અમદાવાદ.
(કોડ નં.જીજે ૦૦૮૮૬)

| ક્રમ | વિગત | કર્મચારીની સહી |
|---|---|---|
| ૧ | ચુકાદો અદાલતમાં જાહેર થયા મુજબ ચેક વેરીફાઈ કર્યા બાદ અપલોડની કાર્યવાહી કરેલ છે. | |
| ૨ | ચુકાદો આખો ચેક વેરીફાઈ કરેલ છે. | |
| ૩ | હુકમ મુજબ આગળની કાર્યવાહી કરેલ છે. | |